# ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ, રાજકોટ

**પીજીવીસીએલ, રજી. અને કોર્પોરેટ કચેરી,લક્ષ્મીનગર નાનામૌવા રોડ, રાજકોટ**
**CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com**
**E-Mail- forum.pgvcl@gebmail.com**

**પીજીવીસીએલ/સીજીઆરએફ/૨૩/ક્વા-૨/૧૯- ૨૦/૫૫૬૦–૧** **તા.૨૧–૦૮–૧૯**

૨૦03 ના ભારતીય વીજળી અધિનિયમની કલમ ૪૨ (૫) તેમજ ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) વિનિયમો ૨૦૧૧ જાહેરનામા નં. ૨/૨૦૧૧ હેઠળ રચાયેલ ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ (CGRF)પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમિટેડ,**રાજકોટ**ના ચેરમેન સમક્ષ નોંધાયેલ ફરીયાદ.

No.PG- ૨૩/ક્વા-૨/૧૯-૨૦

અરજદાર: **અસ્મીતાબેન કોટડીયા** ગામ: કોઠારિયા
રજૂઆત કરનાર: **અરજદાર હાજર રહેલ નથી.**

## :: વિરુધ્ધ ::

**સામાવાળા:** **કાર્યક્ષેત્ર : પીજીવીસીએલ વિભાગીય કચેરી – રાજકોટ શહેર-3**
રજૂઆત કરનાર: કાર્યપાલક ઈજનેર શ્રી પી.જે.મહેતા **પીજીવીસીએલ વિભાગીય કચેરી – રાજકોટ શહેર-3**

## :: કોરમ ::

૧) ચેરપર્સન -શ્રી જે.બી. પારેખ,
૨) મેમ્બર સ્વતંત્ર - કોકિલાબેન જે. મોટાણી

સુનાવણી સ્થળ: કોન્ફરન્સ હોલ, પીજીવીસીએલ, શહેર વર્તુળ કચેરી, રાજકોટ
તારીખ: ૧૩-૦૮-૨૦૧૯ (મંગળવાર)

૧.૦ સદર કેસની સુનાવણી તા. ૧૩-૦૮-૨૦૧૯ (મંગળવાર)ના રોજ રાખવામાં આવેલ હતી.

## :: અરજદારની રજૂઆત ::

૨.૦ **અરજદાર અસ્મીતાબેન કોટડીયા ગામ -કોઠારિયા, તેઓની અરજીના નોંધણી નં: ૨૩/ક્વા-૨/૧૯- ૨૦, માં જણાવે છે કે,** તેઓએ તા.૧૭–૦૬–૧૯ ના રોજ નામ બદલી ની અરજી કરાવેલ છે, જેની નોંધણી તા.૨૯–૦૬–૧૯ ના રોજ વાવડી પેટા વિભાગીય કચેરીમાં કરેલ છે. તેમ છતા, કોઈ કાર્યવાહી થયેલ નથી. સદર બાબત ની જરૂરીયાત જીએસટી નંબરમાં હોય – જેથી, સત્વરે નામ બદલી કરી આપવા **અરજદારે અત્રેના ફોરમ સમક્ષ ન્યાયિક રજુઆત કરેલ છે.**

## :: પી.જી.વી.સી.એલ.ની રજૂઆત ::

3.0 અરજદાર ની રજૂઆત અન્વયે, પીજીવીસીએલ પક્ષકાર તરફથી જણાવાયેલ કે- વાવડી અર્બન સબડીવીઝનના અરજદાર અસ્મીતાબેન મહેશભાઈ કોટડીયા ગ્રાહક નં.૩૪૫૧૩૨૬૧૨૫૦ NRGP કનેક્શન માં નામ બદલી ના અનુસંધાને જણાવવાનું કે- અરજદાર દ્વારા તા.૨૯.૬.૧૯ ના રોજ SR.NO.12041074 થી સબડીવીઝન દ્વારા

રજીસ્ટ્રેશન કરેલ. ત્યારબાદ વાવડી અર્બન સબડીવીઝન દ્વારા પ્રપોઝલ તૈયાર કરી તા.૧૨.૭.૧૯ ના રોજ સબંધિત વિભાગીય કચેરી ને મોકલાવેલ જે તા.૨૫.૭.૧૯ ના રોજ મંજુરી આપી ફાઈલ વાવડી અર્બન સબડીવીઝનને પરત આપેલ.

3.૧ વાવડી અર્બન સબડીવીઝન દ્વારા તા.૦૨.૦૮.૧૯ ના રોજ ગ્રાહક શ્રી ને અંદાજપત્ર આપવામાં આવેલ. જે અરજદાર દ્વારા તા.૦૨.૦૮.૧૯ ના રોજ ભરપાઈ થતા નવા અરજદારનું એગ્રીમેન્ટ વાવડી અર્બન સબડીવીઝન દ્વારા કરી લેવામાં આવેલ. આમ, અરજદારની નામ બદલી ની કાર્યવાહી પૂર્ણ કરી તેમની ફરિયાદ નું સુખદ સમાધાન કરેલ છે અને  સમગ્ર પ્રક્રિયા નો અરજદાર ને ખ્યાલ ન હોવાથી ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર માં ફરિયાદ કરેલ હતી. જે અનુસંધાને અરજદારે સમાધાન પત્ર તા.૦૨.૦૮.૧૯ થી રજુ કરેલ છે.

## :: હુકમ ::

૪.૦ અરજદારે કરેલ લેખીત રજુઆત તથા સામાવાળાની રજુઆત અને રજુ કરાયેલ દસ્તાવેજી પુરાવાઓના આધારે ફોરમ કમિટી તરફથી નીચે મુજબ નો નિર્ણય કરાયેલ છે.

૪.૧ **પેરા નં ૨.૦** પેરા નં ૩.૦ થી ૩.૧ અન્વયે અરજદારની સદર ફરિયાદનું નિરાકરણ થતા -અરજદારની લેખિત સમંતિ મુજબ – સમાધાનપત્ર(પુરશીશ)  તા.૦૨–૦૮–૧૯ થી રજુ કરાયેલ છે. આમ, ફોરમ કમિટી  કક્ષાએથી કઈ કરવાનુ રહેતુ ન હોય, અરજદાર ની અરજી દફતરે કરવી.

૪.૨ અરજદાર ની ફરીયાદ નો આ તબ્બકે નિકાલ કરવામા આવે છે.

(શ્રીમતી કે. જે. મોટાણી)
સભ્ય (સ્વતંત્ર)

(જે.બી.પારેખ)
ચેરપર્સન